ગ્રામ પંચાયત કચેરી - બરબોધન
તા. ઓલપાડ, જી. સુરત.
તા.૧૯-૧૦-૨૦૦૫

પ્રતિશ્રી,
કરમશીભાઈ ખીમજીભાઈ વિગેરે.

## વિષય :- બાંધકામ પરવાનગી બાબતે.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે આપશ્રીની તા.૨-૧૦-૨૦૦૫ શ્રી અરજી દ્વારા બાંધકામ પરવાનગી અંગેની માંગણી પરત્વે જણાવવાનું કે બરબોધન.... ગ્રામ પંચાયતની તા.૧૬-૧૦-૨૦૦૫ ની સભાનાં ઠરાવ નં. ૩(૫.)....... થી આપશ્રીને નીચે જણાવેલ શરતોને આધીન રહીને બ્લો નં. ૧૩૩૫, ૧૩૩૬ ના પ્લોટ નં.........૧............. માં ..........૧૯૬.............. ની બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

### -: શરતો :-

(૧) મે. સક્ષમ અધિકારીશ્રી એ તેમનાં એન.એ. હુકમમાં જણાવેલ તમામ શરતો અરજદારને બંધનકર્તા રહેશે. તેમજ તેમણે મંજુર કરેલ અસલ એન.એ. પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૨) તમારી માલિકીની જમીનની હદમાં જ બાંધકામ કરવું. આજુબાજુમાં કે આગળ-પાછળ ખાનગી અગર સરકારી અગર ગ્રામ પંચાયતની જમીનમાં દબાણ કર્યા સિવાય બાંધકામ કરવાનું રહેશે.

(૩) તમારી બાંધકામવાળી પ્લોટ/મકાનની જગ્યાની આગળ-પાછળ કે આજુબાજુમાં સરીયામ રસ્તો/રોડ હોય તો જયાં લાગુ પડે ત્યાં નિયમ મુજબ રોડ/રસ્તા માર્જીન છોડીને રેખા નિયંત્રણનો ભંગ કર્યા સિવાય બાંધકામ કરવું. જો તેમ નહીં થશે તો નડતરરૂપ બાંધકામ વિના વળતરે દુર કરવામાં આવશે. અને તે અંગેનો થતો તમામ ખર્ચ સરકારી રાહે તમારી પાસેથી વસુલ કરવામાં આવશે.

(૪) બાંધકામ અંગેનો માલસામાન વાહન વ્યવહાર કે લોકોને કે આજુબાજુનાં સફાઈ કામતરો વિ. ને નડતરરૂપ ન થાય તે રીતે નાંખવાનો રહેશે.

(૫) તમારા બાંધકામવાળી જગ્યાની આગળ પાછળ કે આજુબાજુમાં ડ્રેનેજખાડી લાગુ હોય તો ખાડીનું દબાણ કર્યા સિવાય નિયમ મુજબ માર્જીનની જગ્યા છોડીને બાંધકામ કરવાનું રહેશે.

(૬) બાંધકામ પરવાનગીની મુદ્દત એક વર્ષની રહેશે. ત્યારબાદ મંજુરી રદબાતલ ગણાશે.

(૭) રસ્તા, પાણી, લાઈટ, ડ્રેનેજ, પાર્કીંગ તેમજ વરસાદી, ગંદાપાણીનાં નિકાલ માટે ખાળકુવા વિગેરેની તમામ સગવડ અરજદારે પોતાના ખર્ચે અને જોખમે કરવાની રહેશે.

(૮) સવાલવાળી જગ્યામાં પાસેથી પસાર થતી જી.ઈ.બી. ટેલીફોન કે અન્ય કોઈપણ લાઈન આવતી હોય તો કે પસાર થતી હોય તો અરજદારે પોતાના ખર્ચે અને જોખમે ખસેડવાની રહેશે.

(૯) આર.એન.બી. સરકારી/પંચાયત, અગર ડ્રેનેજ પંચા. અગર જે તે ખાતાની પુર્વમંજુરી મેળવ્યા બાદ સરકાર માન્ય આર્કીટેક એન્જીનીયર પાસે બાંધકામ કરવાનું રહેશે.

(૧૦) બાંધકામ પુરુ થયેથી તેની લેખીત જાણ ગ્રામ પંચાયતને આપી તેમાં બાંધકામ અંગેનો થયેલો કુલ ખર્ચ જણાવવાનો રહેશે. અને આકારણી કરાવી જે કરવેરા જે મુદ્દતથી ઠરાવે તે તમારે ભરપાઈ કરવાનાં રહેશે.

(૧૧) જે હેતુ માટે એન.એ. પરવાનગી આપી હશે તે હેતુ માટે જ બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) એફ.એસ.આઈ. માર્જીન ૪૦% ની મર્યાદામાં રહીને જ બાંધકામ કરવાનું રહેશે.

(૧૩) બાંધકામની કોઈપણ શરતોનો ભંગ થશે તો આપેલ પરવાનગી આપોઆપ રદ ગણાશે.

(૧૪) પંચાયત વખતોવખત કોઈપણ વધારાની શરતો નક્કી કરે તે આપને બંધનકર્તા રહેશે.

(૧૫) **ઉપર મુજબની તમામ શરતો મે વાંચી જોઈ છે. જે મને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.**

સરપંચ,
ગ્રા. પં. બરબોધન
તા. ઓલપાડ